મહેસાણા
SANDESH THURSDAY 24•09•2015

# પિલુદરાની મરચન્ટ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ક્ષિતિજ -૧૫નું આયોજન

વિસનગર : મર્ચન્ટ એજ્યુકેશન કેમ્પસમાં મર્ચન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, પીલુદરા દ્વાર ટેકનીકલ ઈવેન્ટનું આયોજન ૧૯ અને ૨૦મી સપ્ટેમ્બર એમ બે દિવસ માટે કરવામાં આવ્યું હતું. જેમાં સમારંભના પ્રમુખ તરીકે વાય.એન.પટેલ (મેનેજીંગ ડિરેક્ટર), મર્ચન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ તથા ચીફ ગેસ્ટ તરીકે ડૉ.નરોત્તમ સાહુ (એડવાઈઝર), ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર તેમજ ગેસ્ટ ઓફ ઓનર તરીકે ડૉ.એમ.આઈ.પટેલ(ડિરેક્ટર) મર્ચન્ટ સાયન્સ કોલેજ દ્વારા ઈવેન્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો.મર્ચન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, પીલુદરા દ્વારા આયોજન કરવામાં આવેલી ટેકનીકલ ઈવેન્ટમાં ૧૫ ટેકનીકલ ઈવેન્ટ સાથે ૬ નોન ટેકનીકલ ઈવેન્ટનું ચેન રીએકશન દ્વારા ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગરના એડવાઈઝર સાહુ તથા ટ્રસ્ટના મેનેજીંગ ડિરેક્ટર દ્વારા શુભારંભ કરવામાં આવ્યું હતું તેમાં મોટો રેસ અનો રોબો રેસ જેવી ઈવેન્ટ આકર્ષણનું કેન્દ્ર બની હતી. ઘણી એન્જીનીયરીંગ કોલેજો જેવી કે આઈ.ટી. એમ. વોકેશનલ યુનિવર્સીટી, બરોડા તથા સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ, વિસનગર તથા એસ.આર.પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ, ઊંઝા તથા સેફરોની કોલેજ ઓફ એન્જીનીયરીંગ, મહેસાણા તથા ગુજરાત પાવર કોલેજ ઓફ એન્જીનીયરીંગ, મેવડ તથા સીપેટ, અમદાવાદ જેવી કોલેજો મળીને કુલ ૪૩૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. બીજા દિવસે પૂર્ણાહુતીના કાર્યક્રમમાં ટ્રસ્ટી ડાહ્યાભાઈ પટેલના હસ્તે વિજેતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈનામ આપવામાં આવ્યા હતા.

દિવ્ય ભાસ્કર મહેસાણા, ગુરુવાર, 24 સપ્ટેમ્બર, 2015

## ફટાફટ સમાચાર

# બાસણા નજીક મર્ચન્ટ કેમ્પસમાં ક્ષિતિજ-2015 કાર્યક્રમ ઉજવાયો



વિસનગર | વિસનગર તાલુકાના બાસણા નજીક આવેલ મર્ચન્ટ કેમ્પસમાં મર્ચન્ટ ઈસ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી,પીલુદરા દ્વારા ટેક્નીકલ ઈવેન્ટ ક્ષિતિજ-2015નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમારંભના પ્રમુખ તરીકે ટ્રસ્ટના મેનેજીંગ ડાયરેક્ટર વાય.એન.પટેલ, ચીફ ગેસ્ટ તરીકે ડો.નરોત્તમભાઈ સાહુ ગેસ્ટ ઓનર તરીકે ડો.એમ.આઇ. પટેલ હાજર રહ્યા હતા.આ ઈવેન્ટમાં 15 ટેક્નીકલ સાથે 6 નોન ટેક્નીકલ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની વિવિધ એન્જિનીયરીંગ કોલેજોમાંથી 430 જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાનું કૌશલ્યો રજૂ કર્યા હતા.કાર્યક્રમની પૂર્ણાહુતિ સમારંભે ટ્રસ્ટી ડાહ્યાભાઈ પટેલના હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

Prachar Visnagar Weekly

પ્રચાર વિસનગર તા.૨૮-૯-૨૦૧૫, સોમવાર

# મર્ચન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી પિલુદરા દ્વારા ક્ષિતિજ-૨૦૧૫નું ભવ્ય આયોજન

(પ્ર.ન્યુ.સ.) વિસનગર,રવિવાર

મર્ચન્ટ એજ્યુકેશન કેમ્પસમાં મર્ચન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, પિલુદરા દ્વારા એક સુંદર અને ભવ્ય ટેકનીકલ ઈવેન્ટ (Xitij'15)નું ભવ્ય આયોજન તારીખ ૧૯-



૦૯-૨૦૧૫ અને ૨૦-૦૯-૨૦૧૫ એમ બે દિવસ માટે કરવામાં આવેલ હતુ. જેમાં સમારંભના પ્રમુખ તરીકે શ્રી વાય.એન.પટેલ, મેનેજીંગ ડિરેક્ટર, મર્ચન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ તથા ચીફ ગેસ્ટ તરીકે ડૉ.નરોત્તમ સાહુ-એડવાઈસર, ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર તેમજ ગેસ્ટ ઓફ ઓનર તરીકે ડૉ.એમ.આઈ.પટેલ-ડિરેક્ટર, મર્ચન્ટ સાયંસ કોલેજ દ્વારા આ ઈવેન્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

મર્ચન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી,પિલુદરા(MIT) દ્વારા આયોજન કરવામાં આવેલી ટેકનીકલ ઈવેન્ટમાં ૧૫ ટેકનીકલ ઈવેન્ટ સાથે નોન ટેકનીકલ ઈવેન્ટનું ચેન રીએક્શન દ્વારા ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગરના એડવાઈસર સાહુ સર તેમજ ટ્રસ્ટના મેનેજીંગ ડિરેક્ટર દ્વારા શુભારંભ કરવામાં આવેલ. તેમાં 'મોટો રેસ' અને 'રોબો રેસ' જેવી ઈવેન્ટ આકર્ષણનું કેન્દ્ર બની હતી. જેમાં મોટો રેસ જેવી ઈવેન્ટનું આયોજન કોઈ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પહેલી વખત જ કરવામાં આવેલ હતુ. જેમાં રેસીંગ ટ્રેક પણ બનાવેલ હતો. તેમાં ઉત્તર ગુજરાત તેમજ ગુજરાતની ઘણી ખ્યાતનામ એન્જીનીયરીંગ કોલેજો જેવી કે આઈ.ટી. એમ વોકેશનલ યુનિવર્સિટી બરોડા, સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જીનિયરીંગ, વિસનગર, એસ.આર.પટેલ કોલેજ ઓફ એન્જીનિયરીંગ, ઉંઝા, સેફરોની કોલેજ ઓફ એન્જીનિયરીંગ, મહેસાણા, ગુજરાત પાવર કોલેજ ઓફ એન્જીનીયરીંગ, મેવડ, સીપેટ, અમદાવાદ જેવી કોલેજો મળીને કુલ ૪૩૦ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. બીજા દિવસે (Xitij'15)ના પૂર્ણાહુતીના કાર્યક્રમમાં ટ્રસ્ટીશ્રી ડાહ્યાભાઈ પટેલના વરદ્ હસ્તે વિજેતા વિદ્યાર્થી ભાઈ બહેનોને ઈનામ આપવામાં આવ્યા હતા. મર્ચન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, પિલુદરા (MIT)ના વિદ્યાર્થીઓ રાજ પટેલ, અમનદીપ, મૃદુલ ઝા તથા ફેકલ્ટી, સ્ટાફ અને પ્રિન્સીપાલ સહિત તમામ વ્યક્તિઓ તરફથી આ ઈવેન્ટને સુંદર અને ભવ્ય ટેકનીકલ ઈવેન્ટ બનાવવા અથાગ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. અંતમાં ટ્રસ્ટના ચેરમેનશ્રી આર.ડી.પટેલ દ્વારા ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા મર્ચન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, પિલુદરા(MIT)ના દરેક સ્ટાફ મેમ્બરને બીરદાવ્યા હતા.